# બોર્ડની જાહેર પરીક્ષાઓ દરમિયાન કર્મચારી ધ્વારા ગેરરીતિ/ ગુનો થાય તો તેના માટેનું શિક્ષાકોષ્ટક–મહત્વનો પરિપત્ર.

ગુજરા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ક્રમાંક : મશઉમશ/ક/ગેરરીતિ/૦૩
સેકટર–૧૦ બી, સચિવાલય પાસે, ગાંધીનગર, તા.૧૮–૩–૦૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા લેવામાં આવતી જાહેર પરીક્ષામાં ગેરરીતિ અટકે અને પરીક્ષામાં શુધ્ધતા જળવાય તે હેતુથી ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/૨૦૦૨/૯૨/છ, તા.૧૫–૪–૨૦૦૨ થી પરીક્ષા દરમિયાન કામગીરી કરનાર કર્મચારીઓ ધ્વારા કોઈપણ પ્રકારની ગેરરીતી કે ગુનો કરે તે માટે શિક્ષા કરવાની વિનિમય હેઠળ જોગવાઈ કરેલ છે, જે શિક્ષા કોષ્ટક આ સાથે સામેલ રાખેલ છે. જે કોઈપણ કર્મચારી પરીક્ષા દરમિયાન ગેરરીતિ આચરશે તેની સામે કોષ્ટક મુજબની શિક્ષા કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

**સહી, હસમુખ હિંગુ**
નિયામક(પરીક્ષા),ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

| ક્રમ | પરીક્ષા દરમિયાન કામગીરી | પરીક્ષામાં કામગીરી બજાવનાર વ્યક્તિનો હોદો | ગુનો | સજાની કલમ | સજાની વિગત |
|---|---|---|---|---|---|
| (૧) | પાણીવાળા, સફાઈકામદાર હમાસ | પાણીવાળા સફાઈકામદાર હમાલ | (૧)કાપલીની હેરાફેરી કરવી.<br>(૨)સાંકેતિક રીતે ગેરરીતિમાં મદદ કરવી. | ૧,૪,૭<br>૧,૪,૭ | (૧) પરીક્ષાની કામગીરીમાંથી બાકાત કરવા.<br>(૪) કોઈપણ પ્રકારનુ મહેનતાણું ચૂકવવુ નહિ.<br>(૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિધ્ધ કરવું. |
| (૨) | પટાવાળા | પટાવાળા | (૧) સદર<br>(૨) સદર<br>(૩) ગુપ્તતાનો ભંગ કરવો.<br>(૪) પરીક્ષાખંડમાંથી પ્રશ્નપત્ર, જવાબવહી બહાર જાય તેમાં મદદ કરવી. | ૧,૪,૭<br>૧,૪,૭<br>૧,૪,૫<br>૬,૭,૯<br>૧,૪,૭<br>૬,૭,૯ | (૧) પરીક્ષાની કામગીરીમાંથી બાકાત કરવા.<br>(૪) કોઈપણ પ્રકારનું મહેનતાણું ચૂકવવું નહિ.<br>(૫) પોલીસ ફરીયાદ કરવી.<br>(૬) ભવિષ્યના ઈજાફાને અસર ન થાય તે રીતે એક ઈજાફો અટકાવવો.<br>(૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | પ્રસિધ્ધ કરવુ.<br>(૯) સેવાપોથીમાં કરેલા સજાની નોંધ કરવી |
| (૩) | કારકૂન/ વહીવટી મદદનીશ | કારકુ અને શિક્ષક | (૧) આવેદનપત્ર ભરે પણ સમયસર બોર્ડને ન પહોંચાડે.<br>(૨) વિદ્યાર્થીની ફી–રસીદ, માર્કશીટ તેમ જ બોર્ડનુ પ્રમાણપત્ર વિદ્યાર્થીને સમયસર ન આપે.<br>(૩) ફી–રસીદમાં ગેરકાયદેસર ચેડાં કરે.<br>(૪) બેઠક વ્યવસ્થા ગોઠવવામાં વિદ્યાર્થીની આડકતરી રીતે મદદ કરે.<br>(૫) પરીક્ષાના ફરજપાલનમાં ગેરશિસ્ત આચરી હોય. દા.ત. ફોટો બદલવો.<br>(૬) હાજર/ગેરહાજરના આંકડા લેવામાં અનિયમિતતા દાખવવી | ૧,૪,૭<br>૭,૯<br>૧,૪,૬<br>૭,૯<br><br>૧,૪,૫<br>૬,૭,૯<br>૧,૪,૫<br>૬,૭,૯<br>૧,૪,૫<br>૬,૭,૯,<br>.<br>૧,૩,૪<br>૭,૯ | (૧) પરીક્ષાની કામગીરીમાંથી બાકાત કરવા.(૩) પરીક્ષાની કામગીરીમાંથી કાયમ માટે બાકાત રાખવા.<br>(૪)કોઈપણ પ્રકારનું મહેનતાણું ચૂકવવુ નહિ.<br>(૫) પોલીસ ફરીયાદ કરવી.<br>(૬) ભવિષ્યના ઈજાફાને અસર ન થાય તે રીતે ઈજાફો અટકાવવો.<br>(૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિધ્ધ કરવું (૯)સેવા પોથીમા કરેલ સજાની નોંધ કરવી. |
| (૪) | પ્રાશ્નિક | શિક્ષક/આચાર્ય | (૧) વિશ્વનીયતા/ ગુપ્તતા જાળવવામાં નિષ્ફળ જાય.<br>(૨) બેદરકારી દાખવી બોર્ડના નિયમોનો ભંગ કરવો.<br>(૩) ઈરાદાપૂર્વકની ગેરરીતી આચરે. | ૧,૩,૪<br>૫,૬,૭<br>૮,૯<br>૧,૩,૪<br>૫,૬,૭<br>૮,૯<br>૧,૩,૪<br>૫,૬,૭<br>૮,૯ | (૧) પરીક્ષાની કામગીરીમાંથી બાકાત કરવા<br>(૩) પરીક્ષાની કામગીરીમાંથી કાયમ માટે બાકાત રાખવા<br>(૪)કોઈપણ પ્રકારનુ મહેનતાણું ચુકવવું નહિ<br>(૫) પોલીસ ફરીયાદ કરવી (૬) ભવિષ્યના ઈજાફાને અસર ન થાય તે રીતે એક ઈજાફો અટકાવવો (૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિધ્ધ કરવું. (૮) તાત્કાલીક ફરજ મોકુફી આપવી અને આગળની કાર્યવાહી કરવી. (૯) સેવાપોથી માં કરેલ સજાની નોંધ કરવી. |
| (૫) | ખંડ નિરીક્ષક / રિલિવર | શિક્ષક/ કલાર્ક | (૧) જાણી જોઈને સુપરવિઝન કામગીરીમાં ખોટા કારણો રજુ કરી કામગીરી કરાવવાની ના પાડે (૨) પરીક્ષાખંડમાં પરીક્ષાર્થી પાસેથી પુસ્તક/ કાપલી, અનધિકૃત સાહિત્ય તપાસી, કઢાવી પરીક્ષાખંડ બહાર મુકાવવુ અને તે પછી આવુ સાહિત્ય | ૬,૭,૯<br><br><br>૩,૪,૫<br>૬,૭,૮<br>૯ | (૧) પરીક્ષાની કામગીરીમાંથી બાકાત કરવા (૩) પરીક્ષાની કામગીરીમાંથી કાયમ માટે બાકાત રાખવા (૪) કોઈપણ પ્રકારનું મહેનતાણું ચૂકવવું નહિ.<br>(૫) પોલીસ ફરીયાદ કરવી (૬) ભવિષ્યના ઈજાફાને અસરન થાય તે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | પરીક્ષાખંડમાંથી પરીક્ષાર્થી પાસેથી મળી આવે તો તેની જવાબદારી ખંડ નિરીક્ષકની રહેશે. (૩) પરીક્ષાખંડમાંથી પ્રશ્નપત્ર/ જવાબવહી બહાર જાય તેમાં મદદ કરવી (૪) સેવકગણ/ પોલીસ કર્મચારીઓની મદદ લઈ અનિધકૃત લેવડ–દેવડ કરવી/ કરાવવી. (૫)ફી રસીદની ચકાસણી કરવી (૬) પરીક્ષાખંડમાં સામુહિક ચોરી સાબિત થાય (૭) સ્કવોર્ડના સભ્યો સાથે ઉધ્ધત વર્તન કરે. (૮) જવાબ વહી પર બારકોડ સ્ટીકર યોગ્ય જગ્યાએ લગાવ્યા છે. તેની ચકાસણી માં બેદરકારી બજાવવા બાબત. | ૩,૪,૫<br>૬,૭,૮<br>૯<br>૩,૪,૫<br>૬,૭,૮<br>૯<br>૧,૪,૭<br>૩,૪,૬<br>૭,૯<br>૪,૭,૧૨<br>૭,૧૧ | રીતે એક ઈજાફો અટકાવવો. (૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિધ્ધ કરવુ. (૮) તાત્કાલિક ફરજ મોકૂફી આપવી અને આગળની કાર્યવાહી કરવી<br>(૯) સેવાપોથી માં કરેલ સજાની નોંધ કરવી<br>(૧૧) જવાબદારી ઉપર બારકોડ સ્ટીકર લગાવવામાં ભૂલ થાય તો ઉતરવહી દીઠ રૂ. ૧૦ દંડ સ્થળ પર જ વસુલ કરવો.<br>(૧૨) લેખિત નોટિસ આપી ખુલાસો માંગવો. |
| (૬) | પરીક્ષક | શિક્ષક/ આચાર્ય | (૧) પરીક્ષાની કામગીરીમાં બેકાળજી રાખવી (પ્રાયોગિક પરીક્ષા સહિત)<br>(૨) જવાબવહી તપાસવામાં...<br>– તપાસવાનુ બાકી રાખવુ.<br>–સરવાળામાં ભૂલ કરવી.<br>(૩) નિશાનીવાળી ઉતરવહી ની જાણ નિયામક/ સમીક્ષકને ન કરવી.<br>(૪) પરીક્ષક અંદરો–અંદર સાંકેતિક ચિહનોની જાણ કરે.<br>(૫) ઈરાદાપૂર્વક વિશેષ ગુણ/ ઓછા ગુણ આપવા તેમ સાબિત થાય તો... | ૨,૪,૭<br>૯,૧૦<br><br>૨,૪,૭<br>૯,૧૦<br>૪,૭<br><br>૨,૪,૭<br>૯,૧૦ | (૨) પરીક્ષાની કામગીરીમાંથી બે કે ત્રણ વર્ષ માટે બાકાત રાખવા.<br>(૪) કોઈપણ પ્રકારનુ મહેનતાણુ ચૂકવવુ નહિ.<br>(૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિધ્ધ કરવું<br>(૯) સેવાપોથીમાં કરેલ સજાની નોંધ કરવી.<br>(૧૦) પરીક્ષણ કામગીરીમાં ભૂલ થાય તો ભૂલ દીઠ રૂ.૧૦ મહેનતાણામાંથી કાપવા. |
| (૭) | સમીક્ષક વેરીફાયર | શિક્ષક/આચાર્ય | (૧) ઈરાદાપૂર્વક બેકાળજી દાખવવી જેવી કે સરવાળામાં ભૂલ તપાસણીની કામગીરીમાં ચોકસાઈ ન રાખવી.<br>(૨) પરીક્ષક ધ્વારા પ્રશ્ન તપાસવાનો બાકી રહી ગયેલ હોય તેમ છતાં તે ન તપાસડાવવી.<br>(૩) પરીક્ષકને ઈરાદાપૂર્વક વધુ ઉતરવહી તપાસવા આપવી.<br>(૪) ઉતરવહીમાં ઉમેદવાર ધ્વારા કેલ કોઈપણ નિશાની | ૨,૪,૭<br>૯,૧૦<br><br>૨,૪,૭<br>૯,૧૦<br><br>૨,૪,૭<br>૯,૧૦<br>૪,૭<br><br>૪,૭,૯ | (૨) પરીક્ષાની કામગીરીમાંથી બે કે ત્રણ વર્ષ માટે બાકાત રાખવા.<br>(૪) કોઈપણ પ્રકારનુ મહેનતાણુ ચૂકવવુ નહિ.<br>(૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિધ્ધ કરવું<br>(૯) સેવાપોથીમાં કરેલ સજાની નોંધ કરવી.<br>(૧૦) પરીક્ષણ કામગીરીમાં ભૂલ થાય તો ભૂલ દીઠ રૂ.૧૦ મહેનતાણામાંથી કાપવા. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | પ્રત્યે દુર્લક્ષ સેવવું.<br>(૫) ઈરાદાપૂર્વક પરીક્ષક ધ્વારા અપાયેલ ઓછા/ વધુ ગુણ તરફ દુર્લક્ષ સેવવું.<br>(૬) પોતાની સતા કરતાં વધુ/ ઓછા ગુણ આપવા. | ૪,૭,૯ | |
| (૮) | સ્થળ સંચાલક | આચાર્ય/ સીનીયર શિક્ષક/શિક્ષક | (૧)પ્રશ્નપત્રના પેકેટ નિયત સમય કરતાં પહેલાં તોડવું તેવી સાબિતી મળે તો.<br>(૨) ઈરાદાપૂર્વક પ્રશ્નપત્ર બહાર મોકલી જવાબો તૈયાર કરાવવા.<br>(૩) પરીક્ષાકેન્દ્રમાં બહારથી મુખ્ય ઉતરવહી/ પુરવણી લખાવીને પરત પરીક્ષાખંડમાં આપવાનુ/ લાવવાનું સાબિત થાય તો.<br>(૪) કેન્દ્રમાં સામૂહિક ચોરી કરાવવામાં સામેલ હોવાનુ સાબિત થાય તો અથવા કેન્દ્રમાં સામૂહિક ચોરી થતી હોય તેમાં દૂર્લક્ષ સેવવું.<br>(૫) પરીક્ષાની કામગીરીમાં જે–તે પરીક્ષાના વિષય શિક્ષકોને ખંડ નિરીક્ષક/ રિલિવરમાં ગોઠવવા.<br>(૬) અનઅધિકૃત વ્યકિતને પરીક્ષા સ્થળમાં પ્રવેશ આપવો.<br>(૭) નજીકના સગા પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય છતાં પરીક્ષાની કામગીરી બજાવવી.<br>(૮) પરીક્ષાર્થી માટે ખાસ બેઠક વ્યવસ્થા ગોઠવી તેમ સાબિત થવું.<br>(૯) સ્કવોર્ડ/ સરકારી પ્રતિનિધિ સાથે ઉધ્ધત વર્તન કરે અથવા તેમના કાર્યમાં સહકાર ન આપે તો...<br>(૧૦) પરીક્ષા કામગીરીના ફોર્મ ન ભરે, અપૂર્ણ ભરે તો... | ૮<br>૫,૭,૮<br>૫,૭,૮<br>૫,૭,૮<br>૧૪<br>૪,૬<br>૪,૬<br>૪,૬<br>૪,૬,૭<br>૧૨<br>૪,૧૨,૭ | (૪) કોઈપણ પ્રકારનુ મહેનતાણુ ચૂકવવુ નહિ.<br>(૫) પોલીસ ફરીયાદ કરવી<br>(૬) ભવિષ્યના ઈજાફાને અસરન થાય તે રીતે એક ઈજાફો અટકાવવો.<br>(૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિધ્ધ કરવું<br>(૮) તાત્કાલિક ફરજ મોકૂફી આપવી અને આગળની કાર્યવાહી કરવી<br>(૧૨) લેખિત નોટિસ આપી ખુલાસો માંગવો.<br>(૧૪) કાયમી ધોરણે કેન્દ્ર બંધ કરવુ. |
| (૯) | મધ્યસ્થ મૂલ્યાંકન નિયામક | આચાર્ય/શિક્ષક | (૧) મૂલ્યાંકન કેન્દ્રની ગુપ્તતા<br>(૨) મૂલ્યાંકત કેન્દ્રમાં અનઅધિકૃત વ્યકિતને પ્રવેશ આપવો.<br>(૩) પરીક્ષકો/ સમીક્ષકોને સમયસર ઉતરવહી | ૩,૫,૬<br>૭<br>૩,૫,૬<br>૭<br>૬ | (૩) પરીક્ષાની કામગીરીમાંથી કાયમ માટે બાકાત<br>(૫) પોલીસ ફરીયાદ કરવી<br>(૬) ભવિષ્યના ઈજાફાને અસરન થાય તે રીતે એક |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | આપવા લેવામાં બોર્ડની સૂચનાઓનો<br>ભંગ કરવો.<br>(૪) પરીક્ષણની કામગીરીમાં ગેરરીતી સાબિત થાય/ આર્થિક વ્યવહાર થતો સાબિત થાય.<br>(૫) સ્ટ્રોંગરૂમની જાળવણી તથા ઉતરવહીનો હિસાબ ન મળે તો. | ૫,૭,૮<br>૯<br>૫,૭,૮<br>૯ | ઈજાફો અટકાવવો.<br>(૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિધ્ધ કરવુ.<br>(૮) તાત્કાલિક ફરજ મોકૂફી આપવી અને આગળની કાર્યવાહી કરવી<br>(૯) સેવાપોથી માં કરેલ સજાની નોંધ કરવી. |
| (૧૦) | સ્કવોર્ડ કન્વિનર<br>સ્કવોર્ડ સભ્ય | બોર્ડ સભ્ય/<br>આચાર્ય<br>શિક્ષક/કલાર્ક<br>અન્ય સભ્યો | (૧) પોતાના સગા પરીક્ષામાં ઉપસ્થિત હોય ત્યારે સ્કવોર્ડની કામગીરી સ્વીકારવી.<br>(૨) સ્કવોર્ડના રૂટ અને ગુપ્તતા બાબતનો ભંગ થાય.<br>(૩) સ્કવોર્ડના સભ્ય તરીકે નો વ્યવહાર ઔચિત્યપૂર્વક ન હોય.<br>(૪) પરીક્ષાના સ્થળે ભેટ–સોંગાદ સ્વીકારવામાં આવે તો.<br>(૫) સ્કવોર્ડ સભ્ય ધ્વારા ગેરરીતિનાં આવશ્યક પત્રકો/ કાપલીઓ વગેરે મોકલવા ભૂલ થાય તો..<br>(૬) અનઅધિકૃત સ્થળે પ્રવેશ કરવો.<br>(૭) ઈરાદાપૂર્વક કેન્દ્રની સામૂહિક ચોરીની માહિતી છૂપાવવી. | ૨,૪<br>૨,૭<br>૨<br>૩,૬,૭<br>૩<br>૩,૪ | (૨) પરીક્ષાની કામગીરીમાંથી બે કે ત્રણ વર્ષ માટે બાકાત રાખવા.<br>(૩) પરીક્ષાની કામગીરીમાંથી કાયમ માટે બાકાત<br>(૪) કોઈપણ પ્રકારનુ મહેનતાણુ ચૂકવવુ નહિ.<br>(૬) ભવિષ્યના ઈજાફાને અસરન થાય તે રીતે એક ઈજાફો અટકાવવો.<br>(૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિધ્ધ કરવુ. |
| (૧૧) | સરકારી પ્રતિનિધિ | શિક્ષક/આચાર્ય<br>કલાર્ક<br>(કામગીરી બજાવનાર કોઈપણ<br>વ્યકિત) | (૧) પ્રશ્નપત્રની ગુપ્તતા જાળવવામાં બેદરકારી દાખવવી.<br>(૨) સમયસર પરીક્ષા કેન્દ્ર પર ન પહોંચવું.<br>(૩) સમયસર ઝોન પર પરત ન પહોંચવું.<br>(૪) ઉતરવહી, પ્રશ્નપત્ર, બારકોડ સ્ટીકરનો<br>હિસાબ ન રાખવો.<br>(૫) હાજર/ ગેરહાજર ઉમેદવારોનું મેળવણુ ન કરવું.<br>(૬) કેન્દ્ર સંચાલક પાસે બોર્ડ આપેલ<br>સૂચનાઓનો અમલ ન કરાવવો. | ૩,૪,૫<br>૬,૭,૯<br>૩,૪<br>૩,૪<br>૪,૬,૭<br>૯<br>૩,૪,૭<br>૩,૪,૭ | (૩) પરીક્ષાની કામગીરીમાંથી કાયમ માટે બાકાત<br>(૪) કોઈપણ પ્રકારનુ મહેનતાણુ ચૂકવવુ નહિ.<br>(૫) પોલીસ ફરીયાદ કરવી<br>(૬) ભવિષ્યના ઈજાફાને અસરન થાય તે રીતે એક ઈજાફો અટકાવવો.<br>(૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિધ્ધ કરવુ.<br>(૯) સેવાપોથી માં કરેલ સજાની નોંધ કરવી. |
| (૧૨) | ઝોનલ ઓફિસર | આચાર્ય/<br>શિક્ષક નિરીક્ષક/<br>શિક્ષક | (૧) બોર્ડે આપેલ જે તે સમયની સૂચનાઓનું ઉલ્લંઘન કરવુ. | ૩,૪,૬<br>૭<br>૩,૪,૬ | (૨) પરીક્ષાની કામગીરીમાંથી બે કે ત્રણ વર્ષ માટે બાકાત રાખવા. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | (૨) પ્રશ્નપત્રોનુ સમયસર મેળવણુ ન કરી કેન્દ્રો પર પ્રશ્નપત્રો મોકલવામાં ઢીલ કરવી.<br>(૩) જવાબવહી લખાઈ ગયા પછી કેન્દ્રો પર મોડી જવાબવહી લેવા જવું.<br>(૪) લખેલી જવાબવહી પાલા કેન્દ્ર પર સમયસર પહોંચતી ન કરવી.<br>(૫) પ્રશ્નપત્રોની ગુપ્તતા ન જાળવવા અંગે | ૭<br><br>૩,૪,૬<br>૭<br>૩,૪,૬<br>૭<br>૩,૪,૫<br>૬,૭ | (૩) પરીક્ષાની કામગીરીમાંથી કાયમ માટે બાકાત રાખવા.<br>(૪) કોઈપણ પ્રકારનુ મહેનતાણુ ચૂકવવુ નહિ.<br>(૬) ભવિષ્યના ઈજાફાને અસરન થાય તે રીતે એક ઈજાફો અટકાવવો.<br>(૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિધ્ધ કરવુ. |
| (૧૩) | પાલા કેન્દ્રના નિયામક | આચાર્ય/<br>શિક્ષક/<br>અન્ય સ્ટાફ | (૧) ઝોન પ્રમાણે આપેલી ઉતરવહીનુ મેળવણુ ન કરવું.<br>(૨) ઉતરવહીઓનો સમગ્ર ઝોનનો પાલો ન કરવો.<br>(૩) નિશાની વાળી ઉતરવહીઓ અલગ ન કરવી.<br>(૪) બોર્ડે આપેલ જે તે સમયની સૂચનાઓનું ઉલ્લંઘન કરવુ.<br>(૫) કેન્દ્ર બહાર જવાબવહીની હેરાફેરી કરવી અને જવાબવહીમાં લખાણ કરાવવુ. | ૪,૬,૭<br>૧૪<br>૪,૬,૭<br>૧૪<br>૪,૬,૭<br><br>૪,૭<br><br>૪,૫,૬<br>૭,૯,૧૪ | (૪) કોઈપણ પ્રકારનુ મહેનતાણુ ચૂકવવુ નહિ.<br>(૫) પોલીસ ફરીયાદ કરવી<br>(૬) ભવિષ્યના ઈજાફાને અસરન થાય તે રીતે એક ઈજાફો અટકાવવો.<br>(૭) માધ્યમિક શિક્ષણ પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિધ્ધ કરવુ.<br>(૯) સેવાપોથી માં કરેલ સજાની નોંધ કરવી.<br>(૧૪) કાયમી ધોરણે કેન્દ્ર બંધ કરવુ. |

**નોંધઃ શાળાકેન્દ્રમાં સ્થળનિયામકશ્રી સિવાયની ફરજ બજાવતાં દર્શાવેલ તેમની જગ્યાઓના પ્રકારને ધ્યાનમાં રાખી સજા કરવામાં આવશે.**

# કર્મચારીઓની વળતર રજા મંજૂર કરવા અંગે.

ગુજરાત મા. અને ઉચ્ચ.મા. શિક્ષણ બોર્ડ, ક્રમાંકઃમઉમશબ/ગ/ટે–૧/૭૦૨૯/૭૧૨૦
સેકટર ૧૦–બી,સચિવાલય પાસે,ગાંધીનગર,તા.૨૪–૭–૨૦૦૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
ગુજરાત રાજય (તમામ)

**વિષય : બોર્ડની જાહેર પરીક્ષાની કામગીરી કરનાર શૈક્ષણિક–બિન શૈક્ષણિક કર્મચારીઓની વળતર રજા મંજૂર કરવા બાબત.**

**સંદર્ભ :** (૧) કચેરીનો પત્રક્રમાંક : મઉમશબ/ગ/ટે.૬/૧૪૬૯/૧૫૫૮
(૨) કચેરીનો પત્રક્રમાંક : મઉમશબ/ગ/ટે.૬/૨૯૭૬/૩૦૦૧,તા.૨૪–૩–૨૦૦૫
(૩) કચેરીનો પત્રક્રમાંક : મઉમશબ/ગ/ટે.૬/૪૮૬૦/૪૯૫૯,તા.૧૬–૫–૨૦૦૫
(૪) કચેરીનો પત્રક્રમાંક : મઉમશબ/ગ/ટે.૬/૩૦૯૩/૩૧૭૫,તા.૨૮–૪–૨૦૦૬
(૫) કચેરીનો પત્રક્રમાંક : મઉમશબ/ગ/ટે.૬/૩૮૪૯/૧૫૫૮,તા.૨૩–૫–૨૦૦૬

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ચાલુ શાળા દરમિયાન બોર્ડની જાહેર પરીક્ષાની મધ્યસ્થ મૂલ્યાંકન ની કામગીરી કરનાર શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કચેરીઓને રવિવારે અને જાહેરરજાના દિવસ દરમિયાન કરેલ કામગીરી માટે વળતર રજા આપવાનુ અગાઉ નિર્દેશિત પાત્રોથી નકકી કરેલ છે. આ વળતર રજા જે તે વર્ષ અથવા કામગીરીના વર્ષ અથવા કામગીરીના વર્ષ પછી તરત જ શૈક્ષણિક વર્ષ દરમિયાન ભોગવી શકશે. વળતર રજાને સર્વિસ બુકમાં રજાના હિસાબમાં ઉધારવાની નથી, જેની ખાસ નોંધ લેશો.

**સહી, વી.બી. નાણાવટી**
સચિવ, ગુજરાત મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ